
# ૨ ફરવા આવ્યો છું

**નિરંજન ભગત :** આ કવિ સ્વાતંત્ર્યોત્તર કાળના કવિ છે. તેઓ અંગ્રેજીના પ્રાધ્યાપક હોવા છતાં ગુજરાતી ભાષા સાહિત્યનો તેમનો ઊંડો અભ્યાસ છે. નવા અભિગમની તાજગી સાથે ઊંડો માનવપ્રેમ અને તાજગીભરી મૌલિકતા તેમનાં કાવ્યોમાં પ્રગટ થાય છે. તેમનાં કાવ્યો 'છંદોલય બૃહત્'માં સંગ્રહાયેલાં છે.

**સૂર કૃતિનો –** પ્રસ્તુત કાવ્યમાં કવિએ જીવન જીવવાનો સકારાત્મક દૃષ્ટિકોણ બતાવ્યો છે. સંસારમાં આપણે ભમવાનું છે. અહીં કવિ આનંદની આરાધના કરે છે. કોઈ ઉદ્દેશ વગર જીવન જીવવાની વાત દ્વારા કવિ 'હળવાશ' અનુભવવા કહે છે. 'પ્રેમ'ના ગીત દ્વારા 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના સાકાર કરે છે.

---




હું તો બસ ફરવા આવ્યો છું !
હું ક્યાં એકે કામ તમારું કે મારું કરવા આવ્યો છું ?
અહીં પથ પર શી મધુર હવા
ને ચ્હેરા ચમકે નવા નવા !
– રે ચહું ન પાછો ઘેર જવા !
હું ડગ સાત સુખે ભરવા અહીં સ્વપ્ન મહીં સરવા આવ્યો છું !
જાદુ એવો જાય જડી
કે ચાહી શકું બેચાર ઘડી
ને ગાઈ શકું બેચાર કડી
તો ગીત પ્રેમનું આ પૃથ્વીના કર્ણપટે ધરવા આવ્યો છું !
હું તો બસ ફરવા આવ્યો છું !

---

## ● માર્ગદર્શક સ્તંભ ●

પ્રસ્તુત કાવ્ય શીખવતી વખતે વિદ્યાર્થીઓને કેટલાક પ્રશ્નો પૂછવા. કોઈપણ જગ્યાએ જવા માટે કોઈ હેતુ હોય છે. આજના જમાનામાં કારણ વગર કોઈ ક્યાંય જતું નથી.

જીવન જીવવાનો પણ ઉદ્દેશ હોય છે. ક્યારેક 'હેતુ' કે 'ઉદ્દેશ' વિના જીવીએ તો ? એવી વિદ્યાર્થીઓને કલ્પના કરવા કહેવું. ક્યારેક એવી રીતે રહેવું પણ જરૂરી છે. અલગારી રીતે રહેવા અંગેની વાત દ્વારા મૂળ કૃતિનો ઉદ્દેશ સમજાવવો.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) ગાન (૨) સ્નેહ (૩) ધરતી (૪) સપનું
(૫) ડગલાં (૬) રમણીય (૭) સિકલ (૮) પંક્તિ

**સ. ૨ પ્રાસવાળા શબ્દો લખો.**

તમારું – ________ હવા – ________
જડી – ________ ફરવા – ________

**સ. ૩ અર્થ બદલ્યા વિના રેખાંકિત શબ્દોના વિરોધી અર્થવાળા શબ્દો લખીને વાક્યો ફરીથી લખો.**

(૧) ગંગા <u>પવિત્ર</u> નદી છે.
(૨) માંદા માણસમાં <u>શક્તિ</u> ન હતી.
(૩) સુરેશ <u>મહેનતુ</u> છોકરો નથી.
(૪) હું પરીક્ષામાં <u>નાપાસ</u> ન થઈ.

**સ. ૪ નમૂના પ્રમાણે કરો.**

એકેય – એક પણ
ક્યારેય – ________ કશુંયે – ________
કદીયે – ________ કંઈયે – ________

**સ. ૫ ખાલી જગ્યા પૂરો.**

(૧) હું તો બસ ________ આવ્યો છું.
(૨) ________ એવો જાય જડી.
(૩) તો ગીત ________ આ પૃથ્વીના કર્ણપટે ધરવા આવ્યો છું.
(૪) અહીં ________ મહીં સરવા આવ્યો છું.

**સ. ૬ યોગ્ય રીતે જોડો.**

અહીં પથ પર
કે ચાલી શકું
બે ચાર ઘડી
બેચાર ફરી
ની મધુર હવા
ને ગાળી શકું.
પાછો ઘેર જવા
રે ચહું ન

**સ. ૭ કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો**

સ. ૮ યોગ્ય વિકલ્પ શોધો.

(૧) ચહેરા ચમકે -----

(અ) અવનવા (આ) નવાનવા

(ઇ) અલબેલા (ઈ) નવા જૂનાં

(૨) ને ગાઈ શકું -----

(અ) બે ચાર ઘડી (આ) બેચાર કાવ્યો

(ઇ) ઘણી પંક્તિ (ઈ) બે-ચાર કડી

(૩) તો ગીત પ્રેમનું આ પૃથ્વીના -----

(અ) છેડે પહોંચાડવા આવ્યો છું. (આ) ક્ષિતિજે ધરવા આવ્યો છું.

(ઇ) કર્ણપટે ધરવા આવ્યો છું. (ઈ) પેટાળે મૂકવા આવ્યો છું.

સ. ૯

★ સંધિ કરો :

(૧) પરિ + ઈક્ષા = ☐ (૨) દેવ + અંશ = ☐

(૩) મહા + ઈશ = ☐ (૪) સુ + અલ્પ = ☐

★ વર્ણાક્ષર મુજબ ગોઠવો.

યશોદા, યંત્રો, યશસ્વી, યુગાવતાર, યજ્ઞ, યથાશક્તિ

★ તમે કરેલા પ્રવાસનું વર્ણન વર્ગમાં કરો.

## પ્રકલ્પ

તમારા શહેરના જોવાલાયક સ્થળોની માહિતી ઇન્ટરનેટ પરથી શોધીને તેના વિષે ચાર-પાંચ વાક્યો લખી સચિત્ર નાનકડી પુસ્તિકા તૈયાર કરો.

## લેખન કૌશલ્ય



## પત્રલેખન

પત્રલેખન એ લેખન રચનાનું ઉપયોગી અંગ છે. આપણાં જીવનમાં પત્રલેખન મહત્ત્વનો ભાગ ભજવે છે. પત્રલેખનને ભાષા, વિષયવસ્તુ અને કલાની દૃષ્ટિથી વિકસાવવું જરૂરી છે. પત્રની ભાષા વાંચનારને ગમે, સમજાય એવી હોવી જોઈએ. પત્રની ભાષા સરળ સહજ હોવી જોઈએ.

પત્રના પ્રકારો

- અંગત કે ખાનગી પત્ર
- ધંધાદારી પત્ર
- અરજી પત્ર

★ અંગત/ખાનગી પત્ર : મિત્રો, સગાંસંબંધી અને ઓળખીતાઓને જે પત્ર લખવામાં આવે.
★ ધંધાદારી પત્ર : વ્યાપાર કે ધંધા સંબંધી જે પત્ર લખવામાં આવે.
★ અરજી પત્ર : નોકરી મેળવવા માટે અથવા સરકારી કામકાજ માટે જે પત્ર લખવામાં આવે.

પત્રના માળખાના મુખ્ય ભાગો

શરૂઆત    મધ્યભાગ    અંતભાગ

★ શરૂઆત : મથાળું – પત્ર લખનારનું પૂર્ણ નામ-સરનામું, તારીખ જમણી બાજુએ, સંબોધન – ડાબી બાજુ.
★ મધ્યભાગ : પત્રની વિગતો / વિષયવસ્તુ.
★ અંતભાગ : છેવટનું સંબોધન અને પત્ર લખનારનું નામ જમણી બાજુએ લખવું.

સુંદર પુસ્તક વાંચવાના આનંદને વ્યક્ત કરતો પત્ર મિત્રને લખો.

અ બ ક
૪૭, એમ. જી. રોડ,
બોરીવલી (પૂર્વ),
મુંબઈ – ૪૦૦૦૬૬
ફેબ્રુઆરી ૧૭,૨૦૧૭.

પ્રિય દોસ્ત હિરેન,

કેમ છે દોસ્ત ? તારી પરીક્ષા હવે શરૂ થવાની છે એમ જાણવા મળ્યું. મારી પરીક્ષાઓ પણ હવે શરૂ થશે. પત્ર લખવાનો મુખ્ય હેતુ એ છે કે તારી પાસેથી લીધેલું પુસ્તક 'સત્યના પ્રયોગો' મેં વાંચ્યું. વાંચ્યા પછી મને ખૂબ ખુશી થઈ.

ભારતના રાષ્ટ્રપિતા ગાંધીજીની આત્મકથા મેં વાંચી. તે દ્વારા રાષ્ટ્રપિતાના જીવનની ઝાંખી કરવા મળી. તેમની સાદગી મારા હૃદયને સ્પર્શી ગઈ. સાચાબોલા ગાંધીજીના બાળપણના પ્રસંગો વાંચીને મારું હૈયું ગદ્ગદ્ થઈ ગયું. ખરેખર ! મહાત્માનાં જીવનપ્રસંગો વાંચીને હું ધન્ય થઈ ગયો. મારી શાળામાં યોજાયેલ બાળસભામાં મેં ગાંધીજીના જીવનનો 'પેન્સિલ'નો પ્રસંગ રજૂ કર્યો હતો. તેના બદલામાં મને આચાર્ય સાહેબની પ્રશંસા મળી. મને અહેસાસ થાય છે કે જીવનમાં વાંચનનું મહત્ત્વ કેટલું બધું છે.

મિત્ર, તારી પાસે બીજાં પુસ્તકો હોય તો મને મોકલજે. જેથી હું મારા જ્ઞાનને સમૃદ્ધ કરી શકું. તારા માતા-પિતાને મારા પ્રણામ. નાની બહેનને પ્યાર. આવજે...

લિ. તારો પ્રિય મિત્ર,
અ બ ક ની યાદ

***

હું માનવી માનવ થાઉં તો ઘણું

3XHXV7